Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/11342

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. 6 /૦૮/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાન વિસ્તાર નાં તમામ શાળા કેન્દ્રો તરફ

આ સાથે સામેલ મતદાર નોંધણી અધિકારીશ્રી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી,સુરતનાં પત્ર ક્રમાંક/મતય/મતદારયાદી કામગીરી /ખાસ ઝુંબેશ /વશી. ૬૩૯૪-૬૩૯૮/૨૦૨૨ તા.૦૫/૦૮/૨૦૨૨ અન્વયે તા.૦૧/૧૦/૨૦૨૨ ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે ખાસ ઝુંબેશના દિવસો તા.૨૧/૦૮/૨૦૨૨ (રવિવાર),તા.૨૮/૦૮/૨૦૨૨ (રવિવાર),તા.૦૪/૦૯/૨૦૨૨ (રવિવાર) અને તા.૧૧/૦૯/૨૦૨૨ નાં દિવસોએ નિયોજિત કરેલ મતદાન મથકો ખુલ્લા રાખી સાફ સફાઈ રાખવા અંગે અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

મતદાર નોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને
નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ)ની કચેરી
ઠે. બીજોમાળ, જિલ્લા પંચાયત કચેરી, દરિયા મહેલ, ચોકબજાર, સુરત
ઈ-મેઈલ – ro168chorasi@gmail.com

નં.મતય/મતદારયાદી કામગીરી/ખાસ ઝુંબેશ/વશી.૬૩૯૪થી૬૩૯૮/૨૦૨૨ તા.૦૫/૦૮/૨૦૨૨

પ્રતિ

(૧) મે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

(૨) મે.આસિસ્ટન્ટ કમિશ્નરશ્રી,
સાઉથ-વેસ્ટ(અઠવા) ઝોન/લીંબાયત ઝોન/રાંદેર ઝોન/કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ, સુરત મહાનગરપાલિકા, સુરત

(૩) શાસના અધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,
સુરત-૩૯૫૦૦૩

(૪) નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, મુગલીસરા, સુરત

વિષય:- તા.૦૧.૧૦.૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે ખાસ ઝુંબેશના દિવસો તા.૨૧/૦૮/૨૦૨૨(રવિવાર), તા.૨૮/૦૮/૨૦૨૨(રવિવાર), તા.૦૪/૦૯/૨૦૨૨(રવિવાર) અને તા.૧૧/૦૯/૨૦૨૨ (રવિવાર) ના દિવસોએ નિયોજીત કરેલ મતદાન મથકો (શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડી)ઓ ખુલ્લી રાખવા બાબત.

સંદર્ભ: મે.મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલઆર/૧૪૨૨/૧૩૦(૨)-છ, તા.૨૮-૦૬-૨૦૨૨ તથા તા.૧૯-૦૭-૨૦૨૨

જયભારત સહ ઉપરોકત વિષય પરત્વેનાં સંદર્ભમાં જણાવવાનું કે, તા.૦૧.૧૦.૨૦૨૨ ની લાયકાતની તારીખનાં સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનાં અમલીકરણ માટે ભારતનાં ચુંટણી પંચ દ્વારા વિગતવાર કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત મતદારયાદીમાં નામ નોંધાવવા, નામ કમી કરવા તેમજ ભુલો સુધારવા અંગે *ખાસ ઝુંબેશના દિવસો તા.૨૧/૦૮/૨૦૨૨(રવિવાર), તા.૨૮/૦૮/૨૦૨૨(રવિવાર), તા.૦૪/૦૯/૨૦૨૨(રવિવાર) અને તા.૧૧/૦૯/૨૦૨૨ (રવિવાર)ના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૦૫-૦૦ કલાક* સુધી રાખવામાં આવેલ છે. જે દરમિયાન બુથ લેવલ ઓફિસરશ્રીઓ (ડેઝીગ્નેટેડ ઓફિસર) તેઓનાં મતદાન મથક પર બેસીને મતદારો પાસેથી ફોર્મ નં.૬,૬-ક, ૬-ખ, ૭, અને ૮ મતદારો પાસેથી મેળવી શકશે. જેથી ઉકત જણાવેલ તારીખે તથા સમય સુધી શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડીઓ ખુલ્લી રાખવા તેમજ બી.એલ.ઓ.શ્રી માટે બેસવાની તથા પીવાનાં પાણીની જરૂરી વ્યવસ્થા કરવા અંગે આ સાથે સામેલ અત્રેનાં કુલ-૧૧૨ મતદાન મથક સ્થળોની યાદી મુજબ આપનાં તાબા હેઠળની શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડીનાં પ્રતિનિધીશ્રીઓને જાણ કરવા વિનંતી છે.

સદરહું કામગીરી રાષ્ટ્રીય કામગીરી હોય, ઉકત તારીખે *આપની શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/ આંગણવાડીઓ ખુલ્લી રાખવા તથા સાફ સફાઈ રાખવા ખાસ નોંધ લેશો*. તેમજ સદર રાષ્ટ્રીય કામગીરીમાં સાથ-સહકાર આપવા વિનંતી છે.

Bhabhor

મતદાર નોંધણી અધિકારી
૧૬૮- ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ),સુરત

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
નંબર :- ૪૯૨૯

નકલ સવિનય જાણ સારુ રવાના:- મે.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર સાહેબ સુરત તરફ...